# હમ ચલે પાઠશાલા

## નિયમો

1) આ યોજના સમગ્ર ભારતમાં સંઘ સ્તરે ચાલતી તમામ પાઠશાળાઓ માટે છે (તમામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘો જેમાં તપાગચ્છ, અચલગચ્છ, ખરતરગચ્છ અને પાયચંગચ્છ)
2) આ યોજના માં 6 થી 60 વર્ષની વયના તમામ ભાઈઓ તથા બહેનો જોડાઈ શકે છે.(વય ની ગણતરી ૧ જૂન ૨૦૨૨ પ્રમાણે ગણાશે)
3) આ યોજના ૧૧ જૂન ૨૦૨૨ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીની છે (૨૬૩ દિવસ.)
4) આ યોજનાના સમયગાળા માં સહભાગીઓએ પાઠશાળામાં ૧૨૫+ હાજરી સાથે ૬૮+ ગાથા પૂર્ણ કરવાની રહેશે.
5) હાજરી પત્રક માં દરરોજ પાઠશાળાના શિક્ષક ની સહી લેવી ફરજિયાત છે. દરેક મહિનાના અંતે, સહભાગીઓએ ગાથાઓની કુલ સંખ્યા અને હાજરીની ગણતરી કરવી પડશે અને તેને પાનાના નીચેના ભાગમાં સંઘ અથવા પાઠશાળાના હસ્તાક્ષર અને સ્ટેમ્પ સાથે મંજૂર કરાવવાની રહેશે.

   પૂર્ણ થયેલા મહિનાનું હાજરી પત્રક (ઓનલાઈન અપલોડ લિંક દ્વારા) આગામી મહિનાની ૧૦મી તારીખ સુધીમાં

   અપલોડ કરવાની રહેશે (ઓનલાઈન અપલોડ લિંક આવતા મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધી જ ખુલ્લી રહેશે)

   (કૃપા કરીને નોંધ કરો: ઓનલાઈન અપલોડ લિંક કન્ફર્મેશન SMS દ્વારા મોકલવામાં આવશે).

6) પાઠશાળા શિક્ષક/શિક્ષકા પણ આ યોજનામાં જોડાઇ શકશે (વય મર્યાદા 6-60 વર્ષ).તેમણે અન્ય શિક્ષક અથવા ગુરુભગવંતને ગાથા આપવાની રહેશે.
7) શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૨૦૦ ભાઈઓ અને ૨૦૦ બહેનો ને સ્પેશિયલ ઈનામ આપવા આવશે( કુલ ગાથાઓ અને કુલ હાજરીની સંખ્યા ની એવરેજ ના આધારે).
8) પાઠશાળામાં હાજરીની વિચારણા :

   → ઓછામાં ઓછી ૩૦ મિનિટની હાજરીને ૧ હાજરી તરીકે ગણવામાં આવશે.

   → અનિવાર્ય સંજોગો તથા પરીક્ષાના દિવસોમાં, પાઠશાળા શિક્ષકની મંજૂરી પર 15 મિનિટની હાજરીની મંજૂરી આપવામાં આવશે.

   → ચૌદસ અને પર્યુષણ ના ૮ દિવસ દરમ્યાન પાઠશાળા બંધ હોય, ત્યારે કરેલા દેવસિય/પક્ખી પ્રતિક્રમણ ની ૧ હાજરી ગણાશે. (આગામી દિવસે શિક્ષક પાસેથી સહી લેવાની રહેશે).

   → પૌષધ કરનાર વિધાર્થી એ દિવસે પાઠશાળા ના જઈ શકે તો પૌષધની ૧ હાજરી ગણવામાં આવશે.

   → તમારી સંઘની પાઠશાળા આયોજિત સંસ્કાર વાટિકા,શિક્ષણ સંઘ સત્ર, લર્ન એન્ડ ટર્ન ,જ્ઞાન દીપકમાં ભાગ લેવાથી એક સત્રની એક હાજરી ગણાશે.(એ જ દિવસે પાઠશાળા જશે તો પણ એક્સ્ટ્રા એક હાજરી ગણાશે નહિ)

   → જો તમે બીજી કોઈ જગ્યાએ ગયા હોવ/કામ માટે અથવા ઘર બદલવાથી તો ત્યાંની નજીકની કોઈ પણ સંઘની પાઠશાળામાં(જ્યાં આ યોજના ચાલુ હોય) આપ હાજરી આપી શકો છો,ત્યાંના શિક્ષકની હાજરી લઈ શકો છો.

   → NOTE- ઓનલાઇન પાઠશાળાની હાજરી માન્ય ગણાશે નહિ

   → જો તમે ઉપધાન/ અઠારિયું કરો છો તો એક દિવસની એક હાજરી ગણાશે.

   → જો તમે મહારજ સાહેબ પાસે રહેવા ગયા હોવ તો(મીનીમમ 7 દિવસ) એક દિવસની એક હાજરી ગણાશે.

   → 99ની હાજરી ગણાશે નહિ.

## નવા સૂત્રની ગાથાના નિયમ

- 2 પ્રતિક્રમણ,5 પ્રતિક્રમણ, નવસ્મરણ,4 પ્રકરણ,3 ભાષ્ય 1 ગાથા = 1 ગાથા
- કર્મગ્રંથ,વિતરાગસૂત્ર, સંબોધશત્રી, વૈરાગ્યશતક 1 ગાથા = 1 ગાથા
- ઇન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકરણ, ઋષિમંડલ,સંથારાપોરસી 1 ગાથા = 1 ગાથા
- જ્ઞાનસાર,યોગસાર,શાંતસુધારસ, હૃદયપંજીકા, શત્રુંજયલઘુકલ્પ 1 ગાથા=1 ગાથા
- જય તિહુ અણ સૂત્ર,પ્રશમ રતી 1 ગાથા=1ગાથા
- અતિચાર 1 સ્થૂલવ્રત=1 ગાથા
- તત્વાર્થ સૂત્ર સંપૂર્ણ 150ગાથા
- પંચસૂત્ર સંપુર્ણ 20 ગાથા
- સ્નાત્ર પૂજા સંપુર્ણ 15 ગાથા
- શક્રસ્તવ સંપુર્ણ 40 ગાથા
- નવા સ્તવન,સ્તુતિ, સજ્ઝાય, થોય 4ગાથા=1 ગાથા

## Revision ( પુનરાવર્તન ) - માટે ગાથાનો નિયમ

- 2 પ્રતિક્રમણ સુધીના સૂત્ર માટે 10 સૂત્ર=1 ગાથા
- 2 પ્રતિક્રમણ થી ઉપરના અને વંદિતું સૂત્ર માટે 10 ગાથા= 1 ગાથા
- અતિચાર માટે 1 સ્થુલ= 1 ગાથા
- 27 ભાવ નું સ્તવન, હાલરડાં, પંચ કલ્યાનક સ્તવન, સમકિતના 67 બોલ નીસજ્ઝાય 10 ગાથા= 1 ગાથા

9) સ્તવન, સ્તુતિ,સજ્ઝાય થોય ના Revision ( પુનરાવર્તન ) ની ગાથા ગણાશે નહિ.
10) સમકિત ગ્રુપ કોઈપણ સમયે આ યોજનાના નિયમો બદલવા માટેના બધા અધિકાર એમની પાસે રાખે છે.
11) Registration ( નોંધણી ની ) છેલ્લી તારીખ 31 મે 2022
12) અન્ય કોઈપણ પૂછતાછ માટે 8828921195 પર વોટસઅપ કરી શકો છો( આ નંબર પર કોલ કરવો નહિ)